# પ્રેસનોટ

## શાહિબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં SHE TEAM દ્વારા રોમિયોગીરી કરતાં એક ઇસમની ધરપકડ.

માન.પોલીસ કમિશનર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશરશ્રી, સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એફ" ડિવિઝન, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એ.કે.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ શાહિબાગ પોલીસ સ્ટેશન ખાતે SHE TEAM દ્વારા આજરોજ તા.૧૮/૧૨/૨૦૧૯ ના કલાક ૧૩:૦૦ વાગે અસારવા વિશ્વ વિદ્યાલય સ્કુલ આગળ જાહેર રોડ પર ચાર ઇસમો અવાર નવાર ત્યાં આંટાફેરા મારતા હોય અને સ્કુલ મા અવાતી જતી વિદ્યાર્થીનીઓને બિભસ્ત તેમજ ન છાજે તેવું વર્તન કરી રોમીયોગીરી કરતાં જણાઇ આવેલ. જેથી અમો તથા સાથેના સ્ટાફના માણસોએ સદર ઇસમોને રોકી તેઓનું નામ ઠામ પૂછતાં પોતાનું નામ (૧)રવિ S/O મુકેશભાઇ ઠાકોર, ઉ.વ.૧૯, ધંધોઃ બેકાર, રહે.નવાનું ડહેલું સીટી સેન્ટરની બાજુમાં, ઇદગાહ, માધુપુરા, અમદાવાદ શહેર તથા (૨)નિકલેશ S/O ફૂલચંદભાઇ જાતે : પાસી, ઉ.વ.૧૯, ધંધોઃ બેકાર, રહે.જુગલદાસની ચાલી નં.ક, ઇદગાહ રોડ, પ્રેમદરવાજાની બાજુમાં, માધુપુરા, અમદાવાદ તથા (૩)શોકેતહુસેન મહંમદજમીલ જાતેઃ સૈયદ, ઉ.વ.૨૬, રહે. જુગલદાસની ચાલી નં.૭, ઇદગાહ રોડ, પ્રેમદરવાજાની બાજુમાં, માધુપુરા, અમદાવાદ તથા (૪)સુરજ S/O અમરસંગજી ઠાકોર, ઉ.વ. ૧૮, ધંધોઃ નોકરી, રહે. નવાનું ડહેલું, સીટી સેન્ટરની બાજુમાં, ઇદગાહ, માધુપુરા, અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવેલ. જે ઇસમ ને અત્રેની હાજરી અંગે પૂછતાં કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી જાહેર રસ્તા પર મહીલાઓ/છોકરીઓને બિભસ્ત ન સાજે તેવું વર્તન કરી, રોમિયોગીરી કરતા મળી આવેલ હોય જે વિરૂધ્ધ જી.પી.એક્ટ કલમ ૧૧૦, ૧૧૭ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

